ગાંધીનગર સમાચાર

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... આ છોકરો છોકરી ને પકડ્યા છે... કહે છે... જવા દો... પીવાનું બાકી છે... પતાવીને આવીએ પછી પકડજો...!!

# કલોલના છત્રાલ ખાતે નજીવી બાબતે કોમી તોફાન

**આનંદ મેળામાં રાઈડસની ટીકીટબારી પાસે ઉભા રહેવાની બાબતે બોલાચાલી બાદ મોડી રાત્રે મામલો બીચકયો : સામ સામે પથ્થરમારા બાદ દુકાન સળગાવી દઈ વાહનોમાં તોડફોડ કરાઈ : એસઆરપી સહીત પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો : ૨ ૨થી વધુ ઘાયલ**

ગાંધીનગર, તા.૩૦ કલોલના છત્રાલ વિસ્તારમાં આનંદમેળો ચાલી રહ્યો છે. આ દુકાનમાં આગચંપી અને વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. આ કોમી તોફાનને પગલે ગાંધીનગર દેવામાં આવી છે. કોમી તોફાનમાં ૧૨થી વધુ વ્યકિતઓ ઘાયલ થયા છે. પોલીસે બંને પક્ષોની ફરિયાદ લઈ રહેવા બાબતે થયેલી બોલાચાલી બાદ કાળુભાઈ, અકરમભાઈ, ફીરદોશ, મુસ્તાક સહિત ૫૦ રહેવા બાબતે થયેલી બોલાચાલી બાદ અમીત ઉર્ફે કાળીયો પટેલ, બળદેવ ઉર્ફે મુખી પટેલ, મનુ કર્યુ છે. બંનેની સામ સામે ફરિયાદ લઈ કલોલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરૂ કરી







આનંદમેળામાં રાઈડસની ટીકીટબારી પર ઉભા રહેવાની બાબતે બે યુવાનો વચ્ચે બોલાચાલી થયા બાદ નજીવી બાબતે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. મોડી રાત્રે બે કોમો વચ્ચે તોફાનો શરૂ થઈ ગયા હતા અને સામસામે પથ્થરમારો, એસ.પી. સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોલીસ કાફલા સાથે પહોંચી ગયા હતા અને માંડ પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો. ભારેલા અગ્નિ જેવી સ્થિતિ વચ્ચે રાતભર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી એસઆરપી પણ તૈનાત કરી સામ સામે ગુના દાખલ કરીને તટસ્થ તપાસ શરુ કરી છે.

છત્રાલના રામજીમંદિર દિવાની વાસ ખાતે રહેતા જનક જયક્રિશ્નભાઈ રામાનુજે આપેલી પોલિસ ફરિયાદ મુજબ ટીકીટબારીની લાઈનમાં ઉભા જેટલી વ્યકિતઓના ટોળાએ લાકડીઓ, લોખંડની પાઈપો તથા ધારીયા વડે હુમલા કરી પથ્થરમારો કરીને ગાડીઓમાં તોડફોડ કરી નુકશાન કર્યુ છે તો બીજી તરફ આરીફ મલેકની ફરિયાદ મુજબ ટીકીટ બારીની લાઈનમાં ઉભા પટેલ, કલ્પેશ ઉર્ફે ટાલ પટેલ, મનોજ પટેલ સહિતના ૫૦ જેટલા વ્યકિતઓના ટોળાએ લાકડીઓ, પાઈપો, ધારીયા જેવા હથિયારોથી હિંસક હુમલો કરી, પથ્થરમારો કરીને રઝાકભાઈ મનસુરીની દુકાનને આગ લગાડી દઈ નુકશાન છે. તો બીજી તરફ કોમી તોફાનમાં ૧૨થી વધુ ઘાયલ વ્યકિતઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તંગદીલીભર્યુ વાતાવરણ ફરી ડહોળાય નહી તેની તકેદારી માટે રાઉન્ડ ધ કલોક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# બલરામ ભવન પાસે લુંટ ચલાવનાર બે શખ્સો ઝડપાયા

**વિદ્યાર્થીને ઉભો રાખી સરનામું પુછવાના બહાને બે શખ્સો નજીક ગયા ને બે મોબાઈલ, વીંટી અને ફીનાં રૂપિયા લુંટી બંને ફરાર થઈ ગયા હતા**

ગાંધીનગર, તા.૩૦ અઠવાડીયા પહેલા એક વિદ્યાર્થી પથિકાશ્રમથી સે-૧૩ તરફ એક કલાસીસમાં ફી ભરવા જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં સે-૧૨ બલરામ ભવન પાસે તેને સરનામું પુછવાના બહાને બે શખ્સોએ ઉભો રાખ્યો અને સોનાની વીંટી, ફીના રૂપિયા અને બે મોબાઈલ લુંટી લઈ ઝાડીઓમાં વિદ્યાર્થીને ફેંકી બંને શખ્સો ભાગી ગયા હતા. આ બંનેને એલસીબીની ટીમે પકડી પાડયા છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમને બાતમી મળી હતી કે સે-૨૮ના ગાર્ડન પાસે બે શખ્સો ઉભા છે જેમણે બલરામ ભવન પાસે અઠવાડીયા પહેલા લુંટ ચલાવી હતી. જેને આધાર ટીમે મોડાસાના પ્રકાશ ઉર્ફે મુકુલ સવજી મારવાડી અને અમરત ઉર્ફે ભુરો તેજા મારવાડી (બંને મુળ રાજસ્થાનના અને અમરત હાલ રહે. સે-૨૪ છાપરા) બંને શખ્સોને પકડીને સઘન પુછપરછ કરતાં બલરામ ભવન પાસે થયેલી લુંટનો ગુનો તેમણે કર્યો હોવાની કબુલાત કરી લીધી છે. બંનેની ધરપકડ કરી બે મોબાઈલ અને એક સોનાની વીંટી મળી કુલ રૂ. ૨૨,૦૯૯ની કિંમતનો મુદ્દામાલ એલસીબીએ રીકવર કરી વધુ તપાસ માટે સે-૭ પોલીસને બંને આરોપીઓ સોંપવામાં આવ્યા છે.

# ૧૬ વર્ષની વિદ્યાર્થિની પર ૨૯ વર્ષના સેલ્સ મેનેજર દ્વારા બળાત્કાર

ગાંધીનગર, તા.૩૦ ગાંધીનગર નજીક સુઘડ પાસેના એક ફલેટમાં રહેતી ૧૬ વર્ષની વિદ્યાર્થીનીને લગ્નની લાલચ આપીને ઘરે બોલાવી પડોશમાં રહેતા ૨૯ વર્ષીય પરિણીત શખ્સે આઠ કલાકમાં ત્રણ વાર બળાત્કાર ગુજાર્યો હોવાની પોલીસ ફરિયાદ અડાલજ પોલીસ મથકમાં નોંધાવા પામતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલીસે સેલ્સ મેનેજર શખ્સ સામે ગુનો દાખલ કરીને ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

સુઘડ પાસેના એક ફલેટમાં રહેતી અને ગાંધીનગર નજીકની એક શાળામાં અભ્યાસ કરતી ૧૬ વર્ષની વિદ્યાર્થીનીને પડોશી ૨૯ વર્ષીય પરિણીત યુવાન શખ્સ રાજેશ ઉર્ફે રાજુ ગોહિલે પોતાના ઘરે બોલાવી હતી. રાજેશે પોતાની પત્નીને છુટાછેડા આપીને વિદ્યાર્થીનીને તેણીની સાથે લગ્ન કરવાની લાલચ આપી હતી. આ લાલચે સવારે ૮ વાગે ગયેલી કિશોરીને ઘરમાં ગોંધી રાખીને બપોરે ૪ વાગ્યા સુધી આઠ કલાકમાં ત્રણ વાર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકમાં નોંધાવતા અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે. રાજેશ કોઈ બેંકમાં સેલ્સ મેનેજર તરીકે કામ કરતો હતો.

# વિદાય લેતું વર્ષ-૨૦૧૫ કેવું રહ્યું...!

**આજે વર્ષ ૨૦૧૫ ખાટીમીઠી યાદો સાથે વિદાય લઈ રહ્યું છે. શહેરના વિકાસમાં નવા પરિમાણો ઉમેરાયા છે, તો સામે પક્ષે પ્રશ્નો પણ વધ્યા છે. વહીવટી કેન્દ્ર સમુ રાજયનું પાટનગર ગાંધીનગર સચિવાલયની અવરજવરથી ધમધમતું રહે છે પરંતુ આ નગરની પણ એક આગવી ઓળખ છે. શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓથી નગરનું જનજીવન ધબકતું રહે છે. શહેરના જનજીવનને ધબકતું રાખવા નામી-અનામી સંસ્થાઓ અને આગેવાનો સતત પુરુષાર્થ કરતા રહે છે અને એ જ ગાંધીનગરના જનજીવનના અગ્રેસર છે. સંસ્થાકીય પ્રવૃત્તિઓના માધ્યમથી નગર જીવનને ધબકતું રાખતા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની વર્ષ-૨૦૧૫ની ખાટીમીઠી યાદો સંકલિત કરવાનો ગાંધીનગર સમાચારે નમ્ર પ્રયાસ કર્યો છે. વિદાય લેતું વર્ષ વ્યક્તિગત જીવન કે સામાજિક જીવન માટે કેવું રહ્યું...? કેવું અનુભવાયું...? તે તેમના જ શબ્દોમાં રજુ કરીએ છીએ.**



ગાંધીનગર નાગરિક બેંકના ચેરમેન પદે નિયુક્ત થતા ફરી નાગરિકોની સેવા કરવાનો આનંદ છે. કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા તરીકે જનતાનો અવાજ ઉઠાવવાનો પણ મોકો મળતા ખુશ છું. કોંગ્રેસનો સમર્પિત કાર્યકર છું અને રહેવાનું ગર્વ છે.

**ડો. હિમાશું પટેલ (ચેરમેન, ગાંધીનગર નાગરિક બેંક)**



૨૦૧૫નું વર્ષ સારામાં સારું રહ્યું. આનંદ એ છે કે દીકરીને કોલમ્બિયા યુનિવર્સિટીમાં એડમિશન મળતા વર્ષ ફળદાયી રહ્યું અને વર્ષ દરમિયાન દેશ-વિદેશના ખુબ જ મિત્રો મળ્યાને સંસ્મરણો તાજા થયા.

**નિશીત વ્યાસ (મહામંત્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ)**



આ વર્ષ જબરદસ્ત રહ્યું છે. સૌપ્રથમ વાર રાષ્ટ્રપતિ ભવનમાં ગુજરાતનો ગરબો રજૂ કરવાની તક અસ્મરણીય રહી અને પનઘટ સંસ્થાનો પંદર વર્ષની આ સાંસ્કૃતિક યાત્રામાં નવું પીછું ઉમેરાતા આનંદ છે.

**ભાવિન પટેલ (જાણીતા કોરિયોગ્રાફર, પ્રમુખ - પનઘટ)**



વર્ષ-૨૦૧૫માં માલવપતિ મુંજનો અભિનયની તક મળતા મજા પડી. વ્યવસાયિક સંતોષ અને હજુ વધુ સારી સેવા માટે આતુર છું.

**મહેન્દ્ર ગજ્જર (જાણીતા પેથોલોજીસ્ટ શ્રદ્ધાદીપ ગ્રીનક્રોસ)**



૨૦૧૫ના વર્ષમાં નવી શૈક્ષણિક સંસ્થાના શિલ્પી બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું, જીવનના ઉત્તમ કાર્યોપૈકીનું આ કાર્ય શૈક્ષણિક સંસ્થાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

**પ્રો. ડો. હર્ષદ પરમાર આચાર્ય, સરકારી વિનયન કોલેજ, માંડલ**



વર્ષ ૨૦૧૫માં એકંદરે સંતોષકારક વર્ષ રહ્યું. શહેરમાં પ્રથમ ફાઈવ કલર ઓફસેટ મશીન અદ્યતન પ્રિન્ટીંગ સીટીપી યુનિટ વસાવ્યું. પ્રિન્ટિંગ ક્ષેત્રે મંદીની અસર વર્તાઈ નથી.

**રમેશભાઈ પટેલ શહેરના અગ્રણી વેપારી (કેપીટલ ઓફસેટ)**



૨૦૧૫નું વર્ષ નબળું વર્ષ રહ્યું. મંદીની અસર સ્પષ્ટ દેખાય છે. વેપારના ક્ષેત્રમાં બજારમાં નાણાકીય વહેવાર ખુબ જ ધીમો ચાલે છે.

**કાલીદાસ પટેલ (શહેરના અગ્રણી વેપારી) (અંબિકા ટેડર્સ, સેકટર-૨૨)**



વર્ષ ૨૦૧૫માં નવું ખુબ જ શિખવા મળ્યું. ડાયાબિટીસ અને કાર્ડીયાકમાં નવા સંશોધનોથી દર્દીઓની સારવારમાં વધુ અસરકારકતા આવી અને દર્દી સેવામાં ધન્યતા અનુભવાઈ છે.

**ડો. દિનકર ગોસ્વામી (ફિઝીશીયન, સિવિલ હોસ્પિટલ)**



ગાંધીનગર મેડિકલ કૉલેજમાં પાંચમાં વર્ષના અભ્યાસક્રમ માટે એ.સી. આઈ.નું ઈન્સ્પેકશન સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. લાઈબ્રેરી ખાતે ઈ-લાઈબ્રેરી તેમજ ડિપાર્ટમેન્ટ સહિત તમામ વિભાગને ઈન્ટરનેટ સેવા ઉપલબ્ધ કરાવી છે. તેમજ કૉલેજ હોસ્ટેલના વિદ્યાર્થીઓના નાના મોટા તમામ પ્રશ્નો સ્થળ ઉપર જ નિકાલ થાય તે અંગેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વર્ષ-૨૦૧૫ મેડિકલ કૉલેજ માટે આશીર્વાદરુપ સાબિત થયું છે.

**ડો. અરૂણ વ્યાસ ડિન. મેડિકલ કોલેજ, ગાંધીનગર**



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓ પાસે વર્ષ-૨૦૧૫ શુભ સાબિત થયું છે. નવી ઓ.પી.ડી. બિલ્ડીંગમાં બધા વોર્ડ, આઈસીસીયુ, સ્પેશિયલ વોર્ડ ૧૪ બેડને ખસેડીને ત્યાં ચાલુ કર્યા છે. નવા બિલ્ડીંગમાં તમામ ઓપીડી કાર્યરત કરી દીધી છે. મોડ્યુલર ઓટી કુલ ૯ શરુ કરવામાં આવી છે. કીમોડાયાલીસીસ સેન્ટરથી જિલ્લા દર્દીઓને રાહત મળી છે.

**ડો. બિપિન નાયક સિવિલ સુપરીટેન્ડેન્ટ, ગાંધીનગર**



વર્ષ-૨૦૧૫ દરમિયાન હોસ્પિટલમાં તમામક્ષેત્રે સ્વચ્છતા, વ્યવસ્થા તથા દર્દીઓની સવલતમાં વધારો કરવામાં આવ્યો છે. સિનિયર સિટીઝન માટે ઓપીડીના કેસ માટે અલગ નવું કાઉન્ટર ખોલવામાં આવ્યું છે. તેમજ આ વર્ષે મારી લાડકી બે દીકરીઓના શુભપ્રસંગ પણ ઉજવાઈ ગયા છે માટે વર્ષ-૨૦૧૫ મારા માટે શુભદાયી નીવડ્યું છે.

**ડો. કલ્પેશ શાહ R.M.O ગાંધીનગર સિવિલ**



વર્ષ-૨૦૧૫માં ડિટેકશન રેશીયો ખુબ સારો રહ્યો છે. કેટલાક ચર્ચાસ્પદ કેસ જે વણ ઉકેલાયેલા છે તે શોધવા પણ પ્રયત્નો ચાલુ છે. તે ઉપરાંત ગુનાખોરીનાં આંકડા છુપાવવા, એફઆઈઆર દાખલ ન કરવાની નીતિ ન રાખવા તમામ પોલીસ મથકમાં કડક સૂચનાઓ આપી હોવાથી અરજદારો પણ સંતુષ્ય થયા છે. ટ્રાફીક રીલેટેડ કેટલાક મહત્ત્વના નિર્ણયો લઈ અન્ય તંત્ર સાથે સંકલન કરી એકસીડન્ટ ઝોન, જાહેર કરેલા સ્થળો પર બમ્પ, કટ, ડીવાઈડર અને બેરીકેટ જેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવતા માર્ગ અકસ્માતમાં મૃત્યુની સંખ્યા પણ ઘટવા પામી છે.

**વિરેન્દ્રસિંગ યાદવ (પોલીસ અધિક્ષક, ગાંધીનગર)**



વર્ષ ખુબ સારું રહ્યું, પાટીદાર અનામત આંદોલન દરમિયાન આગચંપી અને કૃષિભવનની ભીષણ આગ દુર્ઘટનાને બાદ કરતાં વર્ષ દરમિયાન ગાંધીનગરમાં કોઈ મોટી આગ અકસ્માત દુર્ઘટનાઓ બનવા પામી ન હતી.

**મહેશ મોડ (ફાયર ઓફિસર, ગાંધીનગર)**



૨૦૧૫ના વર્ષમાં બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર તરીકેનો નેશનલ એવોર્ડ રાષ્ટ્રપતિના હસ્તે મળ્યો તે મારા માટે ખુબ જ અનેરી ગૌરવપૂર્ણ ઘટના હતી. આ વર્ષે શૈક્ષણિક રીતે નેશનલ લેવલે ઘણા વિદ્યાર્થીઓને પોતાનું પ્રદાન દાખવવાનો અવસર પ્રાપ્ત થયો તે પણ મારા માટે ગૌરવપૂર્ણ બાબત છે.

**ડો. રણછોડ રથવી (પ્રોગ્રામ ઓફિસર, એનએસએસ અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ)**



આ વર્ષ મારા માટે ઘણી બધી યાદગાર ઘટનાઓ લઈને આવ્યું હતું. જેમાં સપ્ટેમ્બર માસમાં ફોક્સ ફોટો સ્પર્ધાના હર્ષદ વડોદરિયા તથા વિશાલા હોટલ દ્વારા આયોજિત કરાયેલા ૧૫ ફોટોગ્રાફરનું પ્રદર્શન યોજાયુ જેમાં મારો સમાવેશ થયો હતો. વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીમાં મેક્રો કેટેગરીમાં મારો દ્વિતીય નંબર આવ્યો જે મારા માટે સૌથી અગત્યની ઘટના હતી.

**દિપક વ્યાસ (પ્રોફેશનલ ફોટોગ્રાફર, કુડાસણ)**



૨૦૧૫નું વર્ષ મારા માટે ખૂબ જ અગત્યનું રહ્યું. આ વર્ષે ધામિકા કાઈ સિતો ટાપુ કરાટે ડો ની નેશનલ ટૂર્નામેન્ટનું યજમાન પદ મેળવી શાનદાર આયોજન કર્યુ. મારી વિદ્યાર્થીની માનસી મકવાણાની રોપ મલખમમાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થઈ તે મહત્ત્વની સિદ્ધિ છે.

**હરજેન્દ્રસિંગ ગીલ (સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર - સ્વામી નારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર)**



ગાંધીનગરમાં કોઈ વિશેષ પ્રગતિ ના થઈ પરંતુ કોઈ નુકશાન પણ ના થયું. મેટ્રો ટ્રેન, રેલવે જેવા વાહનવ્યવહારમાં કોઈ ફાયદાકારક નિર્ણય થયો નથી. જયારે અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ જેવું પણ થયું નથી તે રાહતની બાબત છે. અંતે ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થયો તે આનંદની વાત છે.

**અરૂણ બુચ, (પ્રમુખ, શહેર વસાહત મહામંડળ, ગાંધીનગર)**



સતત શિખતા રહેવાનો મંત્રની આ વર્ષે વધુ સાર્થકતા મારા જીવનમાં થઈ છે. વાયબ્રન્ટ સમીટ જેવા મહત્ત્વના કાર્યક્રમ સાથે આરંભાયેલા આ વર્ષના અંતિમ માસમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ, સીમાંકન સહિતની બાબતો અનેકવિધ વ્યસ્તતાઓ વચ્ચે પણ મારી કલેકટર કચેરી સહિત તાબાની તમામ કચેરીઓમાં શૂન્ય તુમારની સિદ્ધિ એ નોંધપાત્ર ઘટના છે. એક દસકા બાદ ગાંધીનગરના પ્લોટોની ઈ.હરાજીનો અનુભવ પણ યાદગાર રહ્યો.

**રવિશંકર (આઈ.એ.એસ) (જિલ્લા કલેકટર ગાંધીનગર)**



શુભ - સુખ - યશ લઈ આવેલું વર્ષ આમ તો સંતોષકારક રહ્યું. નવા પડકારો મળ્યા છે પણ સમય જ સૌથી સાચો સાથી બની રહેશે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારના વિકાસનો પડકાર ઝીલવાની વાત હંમેશા યાદ રહેશે.

**રામાજી ઠાકોર (પ્રમુખ, જિલ્લા પંચાયત, ગાંધીનગર)**



નવી જવાબદારીઓ મળી સાથે સાથે શહેરના તમામ સેકટરોમાં જૂના-પરિચયો પુનઃસજીવન કરવાની તક મળી તેનો આનંદ જરુર છે. જો કે વિતેલા વર્ષમાં દિકરાના ઉત્તમ પરિણામે સામાજિક આનંદને વધુ મળ મળ્યું છે. નવું શિખતા રહેવાનું એ તો વ્યવસાયે શિક્ષક તરીકે રહ્યું જ છે. ૨૦૧૫ના વર્ષે આમ તો એકંદરે ખુશીઓ વધારે પણ કેટલીક દુઃખદ ઘટનાઓને લઈ મિશ્રતાસભર રહ્યું.

**કાર્તિક પટેલ (ડેપ્યુટી મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા)**



પ્રગતિનું વર્ષ રહ્યું, નિવૃત્ત થનારની સંખ્યા વધુ રહી તેની સામે નવી ભરતી પ્રક્રિયામાં છે મહેનત વધુ પડે છે. પરંતુ ૨૦૧૫માં વિકાસના ઘણા કામો થયા છે. જેમાં રાયસણ નજીક સિગ્નેચર બ્રીઝ, ૨૦૧૫ની વાઈબ્રન્ટ સમિટથી સ્વચ્છતા તથા ઈન્ફ્રાસ્ટ્રકચરનું માળખું સુગઠિત બન્યું. રાષ્ટ્રપતિના આશીર્વાદ પણ મળ્યા.

**ભરત પંડ્યા, (કાર્યપાલક ઈજનેર, પાટનગર યોજના ભવન)**



જય - પરાજયની મિશ્રિત લાગણીઓ સાથે પડકારભર્યું આ વર્ષ આમ તો મઝાનું રહ્યું. કારણ સંઘર્ષ એ સંસ્કારમાં મળ્યો છે. મારા રાજકીય ક્ષેત્રે સાચા મિત્રોની પરખ થઈ તો હવેનો મોટો પડકાર પંચાયતી રાજમાં જાગૃત્તિ સાથે સામાજિક જાગૃત્તિ સાથે મહિલાઓની ભાગીદારીને સહકારી ક્ષેત્રમાં પણ મહિલાઓને વધુ જોતરવાનો પડકાર છે.

**શ્રીમતી હિનાબેન હ. પટેલ (પૂર્વ પ્રમુખ, જિલ્લા પંચાયત, ગાંધીનગર)**



ક્વૉલિટી ઓફ એજ્યુકેશન સુધર્યું છે, ફી વધારીને શિક્ષણના નામે ધંધો કરતી શૈક્ષણિક સંસ્થાઓ માટે વાલીઓ અને વિદ્યાર્થીઓનો રસ ઘટી રહ્યો છે. ગાંધીનગર માટે ૨૦૧૫નું વર્ષ દરેક ક્ષેત્રે પ્રગતિ કરનારું રહ્યું છે. કડી સંકુલમાં નવી ફિઝીયોથેરાપી કૉલેજનો પ્રારંભ થવાની સાથે દર્દીઓને મફતમાં ઓપીડી સેવા આપે છે.

**વલ્લભભાઈ પટેલ (ચેરમેન, કડી સર્વવિશ્વવિદ્યાલય)**